|| जय माता दी ||

# Leh Ladakh

## Summer 2021



## AJAY MODI TRAVELS PVT. LTD.


**Head Office :** Shakti-21 Complex, Above Indusind Bank, Keshav Baugh Party Plot to Mansi Circle, Vastrapur Road, Ahmedabad-380015. **Tel.: 079 - 4040 4141** • Email : info@ajaymodi.com | Web.: **www.ajaymodi.com**


**BRANCHES**

| | | |
|---|---|---|
| NAVRANGPURA | : | 75671 86333 |
| DRIVE-IN ROAD | : | 81410 20933 |
| MANINAGAR | : | 89807 81724 |
| CITY AREA | : | 89807 81724 |
| NIKOL | : | 87582 42539 |
| MAHESANA | : | 81606 61664 |

for more details 98250 96999

| | | |
|---|---|---|
| SURAT | : | 0261 - 2774151, 90333 96999, 8141511887 |
| BARODA FATEHGUNJ | : | 0265 - 2786551, 92270 96999 |
| BARODA CHHANI BRANCH | : | 63547 69699 |
| BARODA RACE COURSE BRANCH | : | 89807 81738 |

ગુજરાત સરકાર માન્ય એલ.ટી.સી. પ્રવાસો...

facebook.com/Ajay-modi-travels-pvt-ltd
JOIN US on FACEBOOK

# લેહ - મેગ્નેટીક હીલ - ઝન્સ્કાર - અલચી ખારડુંગલા પાસ - નુબ્રા વેલી - પેન્ગોંગ લેક

૬ રાત્રિ ૭ દિવસ

**MAY :** 13-14-15-16-17-18-19-20-21-22-23-24-25-26-27-28-29-30-31

**JUNE :** 1-2-3-4-5-6-7-8-9-10-16-22-28 | **JULY :** 4-10-16-22-28 | **AUG. :** 4-10-16-22-28

**સમય, સંજોગ અને વાતાવરણની અનુકુળતા કે પ્રતિકુળતા મુજબ નીચે જણાવેલ અંદાજીત પ્રોગ્રામ આપેલ છે.**

| દિ. | તારીખ | દૈનિક પ્રોગ્રામ | રાત્રી રોકાણ |
|---|---|---|---|
| ૧ | | લદ્દાખની રાજધાની લેહમાં આપનું સ્વાગત છે. લેહ એરપોર્ટ પર આગમન અને પીક-અપ બાદ ત્યાંથી હોટલ પર જવા પ્રયાણ. હિમાલયના ઝંસ્કાર અને કારાકોરમ પહાડોના સુંદર અને રોમાંચક નજારાનો અનુભવ માણો. | લેહ (B.L.D.) |
| ૨ | | સવારે ચા નાસ્તો કર્યા બાદ અલચી મોનેસ્ટ્રી જવા પ્રયાણ. ત્યાર બાદ લેહના લોકલ સાઈટસીન જેવા કે હોલ ઓફ ફેમ, મેગ્નેટીક હીલ, ગુરુદ્વારા પથ્થર સાહેબ, સંગમની મુલાકાત. સંગમમાં રિવર રાફ્ટીંગની સ્વખર્ચે, શાંતિ સ્તુપાની મજા માણી ત્યાર બાદ હોટલ પરત. | લેહ (B.D.) |
| ૩ | | સવારે ચા નાસ્તો કર્યા બાદ ખારડુંગલા પાસ થઈને નુબ્રાવેલી જવા પ્રયાણ.(જરૂરી નાસ્તો લેવો) (આશરે ૧૩૫ કિ.મી. ૬ કલાક) ખારડુંગલા પાસ આશરે ૧૮,૩૮૦ ફીટની ઉંચાઈ પર આવેલ છે. ત્યાર બાદ નુબ્રાવેલી કેમ્પમાં આગમન. લંચ બાદ ડીસ્કીટ મોનેસ્ટ્રી જવા પ્રયાણ. ત્યાર બાદ સ્વખર્ચે ડબલહમ્ડ બેટ્રીઅમની ઉંટ સવારી, ડેઝર્ટ બાઈક રાઈડીંગ અને લોકલ ફોક ડાન્સ ની મજા. | નુબ્રાવેલી (B.L.D.) |
| ૪ | | સવારે ચા નાસ્તા કર્યા બાદ નુબ્રાવેલી થી પેન્ગોંગ લેક જવા પ્રયાણ. (આશરે ૨૮૦ કિ.મી. ૭ કલાક). રસ્તામાં આવતા ત્યાનાં સુંદર લોકેશનો ઉપર આવેલા સુંદર દ્રશ્યો, પહાડો, બરફ અને લેકના પશ્ચિમ કિનારે પાછળના ભાગમાં દેખાતા સુંદર લેન્ડસ્કેપીંગની મજા માણવી. પેન્ગોંગનું બ્લ્યુ બેરીસ લેક જે ૫ થી ૬ કિ.મી. પહોળું અને ૧૪૪ કિ.મી. લાંબુ છે અને જેનો અડધો ભાગ ઈન્ડો ચાઈના બોર્ડર ઉપરથી વહે છે, તેમજ ત્યાનું તાપમાન માઈનસ ડિગ્રીમાં રહે છે. | પેન્ગોંગ (B.L.D.) |
| ૫ | | સવારે ચા નાસ્તા કર્યા બાદ પેન્ગોંગ લેક થી ચાંગલા પાસ થઈને લેહ પરત જવા પ્રયાણ. (આશરે ૧૫૦ કિ.મી. ૫ કલાક) | લેહ (B.D.) |
| ૬ | | સવારે ચા નાસ્તા કર્યા બાદ લેહના લોકલ સાઈટસીન જેવા કે શેહ પેલેસ, થીસ્કી અને હેમીસ મોનેસ્ટ્રીની મુલાકાત. હેમીસ મોનેસ્ટ્રી એ લેહની પ્રખ્યાત અને પ્રવાસીઓ માટેનું મુખ્ય આકર્ષણ છે. રેન્ચો સ્કૂલ (થ્રી ઈડિયટ્સ) અને સિંધુ દર્શનના લોકલ સાઈટસીન કરીને હોટલ પરત. | લેહ (B.L.D.) |
| ૭ | | સવારે ચા નાસ્તા કર્યા બાદ લેહ એરપોર્ટ ડ્રોપીંગ સાથે પ્રવાસની પૂર્ણાહુતી. | ટુર સમાપ્ત (B.) |

## PACKAGE COST (EX. LEH AIRPORT)

| બે બેડના એક રૂમમાં ૪ વ્યક્તિ રહેશે તો | બે બેડના એક રૂમમાં ૩ વ્યક્તિ રહેશે તો | બે બેડના એક રૂમમાં ૨ વ્યક્તિ રહેશે તો | અડધી ટીકીટ ૧ બાળક દીઠ ૩ થી ૮ વર્ષ |
|---|---|---|---|
| ₹.18,500/- ૧ વ્યક્તિ દીઠ ૧ રૂમ દીઠ ૧ એક્સ્ટ્રા મેટ્રેસ | ₹.19,900/- ૧ વ્યક્તિ દીઠ ૧ રૂમ દીઠ ૧ એક્સ્ટ્રા મેટ્રેસ | ₹.21,500/- ૧ વ્યક્તિ દીઠ | ₹.12,000/- ૧ બાળક દીઠ એક્સ્ટ્રા મેટ્રેસ વગર |

+ GST Extra as per applicable (Non Refundable) & Air or Rail Tickets Extra for All Tour Packages

## UPGRADE PACKAGE (EX. LEH AIRPORT)

| બે બેડના એક રૂમમાં ૪ વ્યક્તિ રહેશે તો | બે બેડના એક રૂમમાં ૩ વ્યક્તિ રહેશે તો | બે બેડના એક રૂમમાં ૨ વ્યક્તિ રહેશે તો | અડધી ટીકીટ ૧ બાળક દીઠ ૩ થી ૮ વર્ષ |
|---|---|---|---|
| ₹.20,900/- ૧ વ્યક્તિ દીઠ ૧ રૂમ દીઠ ૧ એક્સ્ટ્રા મેટ્રેસ | ₹.22,900/- ૧ વ્યક્તિ દીઠ ૧ રૂમ દીઠ ૧ એક્સ્ટ્રા મેટ્રેસ | ₹.24,900/- ૧ વ્યક્તિ દીઠ | ₹.13,900/- ૧ બાળક દીઠ એક્સ્ટ્રા મેટ્રેસ વગર |

+ GST Extra as per applicable (Non Refundable) & Air or Rail Tickets Extra for All Tour Packages

## એર ટિકીટ સસ્તામાં ખરીદો, પરંતુ પ્રવાસનાં આનંદ માટે રૂપિયા વાપરો...!!

હાલમાં ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધી દિલ્હી-લેહ-દિલ્હીની એર ટિકીટ ખૂબ સસ્તામાં મળે છે, (એપ્રીલ-મે-જૂન માટે ફક્ત રૂા. ૮ થી ૧૦ હજારમાં ૧ વ્યક્તિ દીઠ) પરંતુ ૧૫ ફેબ્રુઆરી બાદ આ ભાડુ વધીને આશરે રૂા. ૧૨-૧૫ થી ૧૮ હજાર થશે, એટલે એર-ટિકીટ અત્યારથી જ બુક કરાવીને નિશ્ચિંત બનો... **પ્રવાસનાં આનંદ માટે વધુ રૂપિયા વાપરો...**

| DEL - LEH | Early Morning Between 06.00am to 09.00am | LEH - DEL | Morning Between 09.00am to 11.50am |
|---|---|---|---|

**પેન્ગોંગ અને નુબ્રા માટે ખાસ અગત્યની સૂચના :**

હાલમાં આ પત્રિકા અમે ૧૩-૧૨-૨૦૧૯ના રોજ બહાર પાડેલ છે. તે વખતે પેન્ગોંગમાં કેમ્પ લાગવાના નથી, તેવી માહિતી મળેલ છે. સુરક્ષા કે પ્રદુષણના કારણે સરકાર તરફથી કેમ્પ લગાવવાની પરમીશન મળતી નથી તેથી પેન્ગોંગ લેકથી ૨૦ કિ.મી. પહેલાં કેમ્પ માટેની વ્યવસ્થા કરવામાં આવશે જે બધા પ્રવાસીઓને બાધ્ય રહેશે. પેન્ગોંગમાં રાત્રે વાતાવરણ માઈનસ ડિગ્રીમાં હોય છે, તેથી પ્રવાસીઓએ તમામ ગરમ કપડાં સાથે રાખવા.

## SONMARG & KARGIL PACKAGE (2 NIGHTS / 3 DAYS )

| PER COUPLE | EXTRA ADULT | CHILD (3 to 10 Years) |
|---|---|---|
| ₹. 6,500/- | ₹. 3,000/- | ₹. 2,000/- |

+ GST Extra as per applicable (Non Refundable) & Air or Rail Tickets Extra for All Tour Packages

## લેહ લદ્દાખના પ્રવાસીઓ માટે ખાસ અગત્યની સૂચનાઓ, અચૂક વાંચવી

(૧) આ પ્રવાસ અંગે ફક્ત મીઠી-મીઠી વાતો કરીને પ્રવાસીઓને ફસાવવાના બદલે અમે ત્યાંની પરિસ્થિતી મુજબ તદ્દન સ્પષ્ટ અને સચોટ માહિતી અમારા પ્રવાસીઓને આપીએ છીએ જે થોડીક કડવી લાગશે તો પણ ત્યાંની વાસ્તવિક પરિસ્થિતીનો અનાદર કરશો નહિ, કારણ કે અન્ય ટુર ઓપરેટરો આ માહિતી આપનાથી છુપાવશે અને આ માહિતી પ્રમાણિકતાથી આપને જણાવશે નહિ.

(૨) લેહ લદ્દાખની ભૌતિક અને વાતાવરણની પરિસ્થિતિએ સામાન્ય હિલ સ્ટેશનોની પરિસ્થિતિ કરતા તદ્દન વિપરીત અને અસામાન્ય હોય છે. તેથી સૌ પ્રવાસીઓને આ પ્રવાસ અંગે પ્લાનીંગ કરતા પહેલા તમારી ફીઝીકલ ફીટનેસ તથા તમારા ફેમિલી ડૉક્ટરની સલાહ અનુસાર બોડી ચેક-અપ કરાવ્યા બાદ તેમની સલાહ મુજબ જ નિર્ણય લેવો જોઈએ. **લેહ લદ્દાખ વિસ્તારમાં પાતળી હવાના કારણે ઓક્સિજનની ઉણપ રહેતી હોય છે. તેથી શ્વાસ, અસ્થમા, બ્લડ પ્રેશર, ડાયાબીટીસ અને હાર્ટ એટેકના દર્દીઓને શ્વાસની વધુ તકલીફ રહેતી હોય છે.** તેમજ થોડુંક પણ ચાલતી વખતે પરસેવો છુટી જતો હોય છે તેમજ અંધારા/ચક્કર આવતા હોય છે. કોઈપણ કંપનીમાંથી તમે લેહ-લદ્દાખ જતા હો અને તંદુરસ્ત પણ હો તો પણ ત્યાં પાતળી હવા અને ઓક્સિજનની ઉણપના કારણે નીચે મુજબની દવાઓ તમારા ફેમિલી ડૉક્ટરને પુછીને અચૂક લઈ જ લેવી કારણ કે ઈમરજન્સી દરમ્યાન ત્યાં આવી દવાઓ ક્યારેક મળતી નથી. (૧) શ્વાસ માટે : શ્વાસ માટેનો પંપ, આયુર્વેદીક કપુરની ગોટીઓ, ડેરાફાયરીન ઈંજેક્શન અથવા શ્વાસ માટેની અન્ય દવાઓ (૨) છાતીનાં દુ:ખાવા માટે : સોરબીટ્રેટને જીભ નીચે મુકવી અથવા ડિસ્પ્રીનને પાણીનાં ગ્લાસમાં ઓગાળીને પી લેવી. આ ઉપરાંત ડાયાબીટીસની ગોળીઓ અથવા ઈન્સ્યુલીન ઉપરાંત હાર્ટ અટેક, હાયપર ટેન્શન, બ્લડ પ્રેશર, ડિપ્રેશન તથા અન્ય મોટી બીમારીઓની દવાઓ અચૂક સાથે લઈ લેવી.

(૩) ફક્ત મે-જુન સીઝન દરમ્યાન જ્યારે દરરોજ પ્રવાસીઓનાં મોટા ગ્રુપો હોય ત્યારે અમુક સ્થળોએ અમારા પોતાનાં જ ગ્રુપ કીચન કાર્યરત હોય છે જેમાં આપને દરરોજ એક સમય ચા-નાસ્તો અને સ્વાદિષ્ટ તથા વૈવિધ્યપૂર્ણ ભોજન મળશે, પ્રિમિયમ ટુરમાં ગુજરાતી, પંજાબી, કાઠીયાવાડી, સાઉથ ઇન્ડીયન તેમજ સ્વીટ ડીશ આપવામાં આવશે. કોઈપણ રૂમ સર્વિસ તેમજ પેક વોટર બોટલ/મિનરલ વોટર સ્વખર્ચે જ રહેશે. જૈન પરીવારો માટે જૈન ભોજન પણ મળશે. દરેક પ્રવાસીઓએ સમયસર ભોજનનાં સ્થળે બ્રેકફાસ્ટ માટે સવારે ૭-૩૦ થી ૯-૩૦ અને ડીનર માટે ૮ થી ૧૦ સુધીમાં પહોંચવાનું રહેશે ત્યારબાદ રસોડુ બંધ થઈ જશે તો ભોજન મળશે નહીં. ચા-નાસ્તો તથા ભોજન કરવા માટે પ્રવાસીઓએ હોટલથી ૧૦૦ થી ૨૦૦ મીટર પગપાળા ચાલીને સમયસર જવા-આવવાનું રહેશે, આ માટે તમામ પ્રવાસીઓને સહકાર આપવા નમ્ર વિનંતી છે.

(૪) પહાડી વિસ્તાર તથા સેસ્મીક ઝોન હોવાથી લેહ-લદાખમાં માત્ર ૩ થી ૪ માળની હોટલો જ હોય છે અને હોટલોમાં રૂમની સંખ્યા ૧૦ થી ૧૨ કે ૧૫ જેટલી જ હોય છે, તેથી મોટા ભાગની હોટલોમાં લીફટ હોતી નથી આવા સંજોગોમાં બે કે વધુ માળ ચઢવા-ઉતરવા માટે તૈયારી રાખવી પડશે.

(૫) પ્રવાસમાં આવતા દરેક પ્રવાસીઓએ ઈમરજન્સી સંજોગો દરમ્યાન ઓક્સિજન સિલિન્ડર, દવા તથા ડૉક્ટર અને હોસ્પિટલ ખર્ચની વ્યવસ્થા સ્વખર્ચે અને સ્વમેળે કરવાની રહેશે, માંદગી કે મૃત્યુ અંગે કંપનીની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહિ.

(૬) અમારી કંપનીના ગાઈડ કે સ્થાનિક ટૂર મેનેજરની વ્યવસ્થા ફક્ત લેહ સીટી પુરતી જ મર્યાદિત રહેશે. મેનેજરનું કામ ફક્ત પ્રવાસીને સમયસર ભોજન તથા વાહન વ્યવસ્થા કરવાની જવાબદારી છે. નુબ્રા, પેન્ગોંગ કે વાહન મુસાફરી દરમ્યાન અન્ય સ્થળોએ પ્રતિબંધના કારણે આપની સાથે ગાઈડ કે ટૂર મેનેજર રહેશે નહી.

(૭) લેહમાં ફક્ત **બી.એસ.એન.એલ. અને એરટેલનું પોસ્ટપેઈડ મોબાઈલ નેટવર્ક** જ સામાન્ય રીતે અને સારી રીતે કાર્યરત હોય છે. તેથી જે પ્રવાસીઓને મોબાઈલનો સતત ઉપયોગ રહેતો હોય તેમને ફરજીયાત પોસ્ટપેઈડ (બીલવાળા) ફોનનો જ ઉપયોગ કરવો. અને બેટરી બેક-અપ માટે પાવરબેંક ફરજીયાત સાથે રાખવી. તે સિવાયની અન્ય કોઈપણ કંપનીના પ્રીપેઈડ મોબાઈલ ફોનની સેવા સમગ્ર જમ્મુ-કાશ્મીર અને લેહમાં ચાલતી નથી.

(૮) લેહમાં મે-જૂન માં પણ વાતાવરણમાં પલટો આવતો હોય છે. તેથી વ્યક્તિદીઠ ૧ થી ૨ સ્વેટર કે વીન્ટરવેર અને રેઈનકોર્ટ અચૂક સાથે રાખવા. જે પ્રવાસીને પર્વતોની મુસાફરી દરમ્યાન વોમીટીંગનો પ્રોબલમ હોય તેમણે વોમીટીંગ બેગ તેમજ તે માટેની દવાઓ અચૂક સાથે રાખવી.

(૯) ત્યાંના વાતાવરણની અનુકુળતા કે પ્રતિકુળતા મુજબ ઉપરોક્ત પ્રોગ્રામનું સંચાલન રહેશે.

(૧૦) કુદરતી આપત્તિ જેવી કે, ભુસ્ખલન, રાજકીય, રસ્તા બંધ, હડતાલ, ભૂકંપ કે અન્ય કોઈપણ કુદરતી કારણસર ટૂરમાં ફેરફાર થાય તો એ પ્રવાસીએ સ્વખર્ચે અને પર્યાવરણની અનુકુળતા મુજબ સાઈટસીન કરાવવામાં આવશે.

(૧૧) લેહ થી નુબ્રા જતા વાયા ખારડુંગલા પાસ જે ૧૮૩૮૦ ફૂટની ઉંચાઈ ઉપર આવેલ છે અને પેન્ગોંગ થી લેહ જતા વાયા ચાંગલા પાસ જે ૧૭૫૦૦ ફૂટની ઉંચાઈ ઉપર આવેલ છે. આ બંને રૂટમાં ઘણી વખત બરફ વર્ષા અને લેન્ડસ્લાઈડના કારણે રસ્તાઓ બંધ થઈ જાય છે. તેથી **નિયત તારીખે જે-તે સમયે કેમ્પમાં રાત્રી રોકાણ માટે પહોંચી શકાતુ નથી અને તેનું ભાડુ કંપનીને ફરજીયાત એડવાન્સમાં ચુકવવું પડતું હોય છે.** આવા અસામાન્ય સંજોગોમાં પ્રવાસીઓએ પણ જે વૈકલ્પિક વ્યવસ્થા કંપની દ્વારા કરવામાં આવે તેની તફાવતની રકમ પ્રવાસીએ ત્યાં જ રોકડેથી સ્વખર્ચે ચુકવવાની રહેશે.

(૧૨) ઓરીજીનલ ફોટો આઈ.ડી. પ્રુફ અને તેની ૫ ઝેરોક્ષ કોપી ફરજીયાત સાથે રાખવી. (પાસપોર્ટ, વોટર આઈ.ડી., પાનકાર્ડ અને આધાર કાર્ડ વગેરે) નુબ્રા વેલી અને પેન્ગોંગના પ્રતિબંધિત વિસ્તારમાં જવા માટેની પરમીટ ફીનો સમાવેશ કરેલ નથી તેથી પ્રવાસીએ સ્વખર્ચે ચુકવવાની રહેશે.

**હોટલ વ્યવસ્થા :** લેહમાં ૪ રાત્રી ડિલક્ષ હોટલમાં રોકાણ રહેશે. તેમજ ૧ રાત્રી નુબ્રા અને ૧ રાત્રી પેન્ગોંગમાં ડિલક્ષ કેમ્પમાં રોકાણ રહેશે. **સામાન્ય રીતે બે બેડનાં રૂમમાં ૨ વ્યક્તિ રહે તે સૌને અનુકુળ પડતું હોય છે, પરંતુ માત્ર કરકસર કરવા માટે ૨ બેડનાં રૂમમાં ૪ વ્યક્તિ મુજબ બુકીંગ કરાવેલ હશે તો ફક્ત એક જ એક્સ્ટ્રા મેટ્રેસ જમીન ઉપર પાથરી આપવામાં આવશે, બીજી મેટ્રેસ આપવામાં નહીં જ આવે, તેથી અગવડ અને સંકડાસ તો જરૂર પડશે જ એટલે બીજો રૂમ લેવા માટે સમજીને અહીં જ યોગ્ય નિર્ણય લેવો. ચાર આખી ટિકીટનાં ફેમિલીએ પ્રવાસમાં વધુ અનુકુળતા માટે બે વ્યક્તિ વચ્ચે બે અલગ અલગ રૂમો લેવા સલાહ ભરેલું છે.** પ્રવાસ દરમ્યાન નક્કી કરેલ હોટલમાં રૂમ અવેલેબલ ના હોય તો તેની સમકક્ષ હોટલની વ્યવસ્થા કંપની તરફથી કરવામાં આવશે. નુબ્રા અને પેન્ગોંગમાં કંપની તરફથી આપેલ ટેન્ટમાંજ આપનું બુકીંગ રહેશે અને ત્યાંની સંપૂર્ણ વ્યવસ્થા જે તે ટેન્ટ ઓપરેટર દ્વારાજ કરવામાં આવતી હોય છે. નુબ્રા અને પેન્ગોંગ કેમ્પમાં ગરમ પાણીની મર્યાદિત વ્યવસ્થા રહેશે. જો કોઈ પ્રવાસીને વહેલુ ચેક-ઈન કે મોડુ ચેક-આઉટ કરવું હશે તો જે તે હોટલની અવેબીલીટી પ્રમાણે રહેશે.

**વાહન વ્યવસ્થા :** સાઈટસીન માટે નાના નોન એ.સી. વાહનો જેવા કે ઝાયલો, ઈનોવા અને ટેમ્પો ટ્રાવેલર વગેરે પ્રવાસીની સંખ્યા મુજબ આપવામાં આવશે. નુબ્રા અને પેન્ગોંગમાં તમામ પ્રકારની સામાન્ય માહિતી તમારી ટેક્ષીના ડ્રાઈવર દ્વારા જ આપવામાં આવશે. નુબ્રા અને પેન્ગોંગ જવા માટેની પરમીટનો ચાર્જ પ્રવાસીએ સ્વખર્ચે ચુકવવાનો રહેશે.

**ભોજન વ્યવસ્થા :** લેહ હોટલમાં રાત્રી રોકાણ દરમ્યાન ગુજરાતી અને પંજાબી ભોજન વ્યવસ્થા કરવામાં આવશે. લેહમાં તમામ ખાવા-પીવાની વસ્તુઓ વિમાન દ્વારા આવતી હોય છે તેથી ત્યાં ઘણી વખત ઘણી બધી વસ્તુઓની શોર્ટેજ રહેતી હોય છે. જેના કારણે નિર્ધારિત મેનુંમાં ફેરફાર થવાની પુરેપુરી સંભાવના રહેલી છે. મિનરલ વોટર સ્વખર્ચે રહેશે. લેહ થી નુબ્રાવેલી જતા અને નુબ્રાવેલી થી પેન્ગોંગ જતાં તેમજ પેન્ગોંગ થી લેહ પરત આવતી વખતે મુસાફરી દરમ્યાન ભોજનની વ્યવસ્થાનો સમાવેશ કરવો શક્ય નહિ હોવાથી તે મળશે નહિ અને અમે અમારી પ્રવાસ કિંમતમાં આપની પાસેથી તેનો ચાર્જ પણ લીધેલ નથી. કારણ કે નુબ્રા અને પેન્ગોંગમાં ભોજનની તમામ વ્યવસ્થા કેમ્પીંગ એજન્સીઓ તરફથી રહેતી હોય છે. ઘણી વખત લેહ થી નુબ્રા જતાં કે નુબ્રા થી પેન્ગોંગ જતા લેન્ડસલાઈડ કે ટ્રાફીક જામના કારણે જો મોડુ થશે તો ભોજન વ્યવસ્થા મળશે નહિ. તેથી હંમેશા થોડોક નાસ્તો અચૂક સાથે રાખવો.

---

## પ્રવાસ દરમ્યાન આપને નહી મળવા પાત્ર સગવડો

- કંપની તરફથી આપેલ ટેન્ટમાં જ આપનું બુકીંગ રહેશે અને ત્યાંની સંપૂર્ણ વ્યવસ્થા જે તે ટેન્ટ ઓપરેટર દ્વારા જ કરવામાં આવતી હોય છે. નુબ્રા અને પેન્ગોંગ કેમ્પમાં ગરમ પાણીની મર્યાદિત વ્યવસ્થા રહેશે. જો કોઈ પ્રવાસીને વહેલુ ચેક-ઈન કે મોડુ ચેક-આઉટ કરવું હશે તો જે તે હોટલની અવેબીલીટી પ્રમાણે રહેશે.
- રૂમ સર્વિસ, રૂમ હિટર, લોન્ડ્રી, મીનરલ વોટર, ટીપ, ગાઈડ, પોર્ટ્રેજ, ઓક્સિજન સિલિન્ડર, ઊંટ સવારી, રીવર રાફટીંગ, આલ્કોહોલીક અને નોન આલ્કોહોલીક પીણા, ફોનકોલ, ટૂર પ્રોગ્રામ સિવાય અન્ય કોઈપણ સાઈટસીન, કેમેરા ફી, વીમા પોલીસી, કોઈપણ એન્ટ્રી ફી વગેરે સ્વખર્ચે જ ચુકવવાનું રહેશે. પેટ્રોલ / ડિઝલમાં વધારો, ગવર્નમેન્ટ ટેક્ષ, એન્ટ્રી ટિકીટ કે અન્ય કોઈપણ ફેરફાર થશે તો પ્રવાસીએ તફાવતની રકમ ચુકવવાની રહેશે.
- આ બ્રોશરમાં દર્શાવેલ તમામ સગવડો સિવાયની અન્ય સગવડો અને તેનો ખર્ચ પ્રવાસીએ જાતે જ ચુકવવાનો રહેશે.

---

**ટુર બુકીંગ :** **આ પ્રવાસનાં બુકીંગ માટે ૧ વ્યક્તિ દીઠ રૂા. ૪૦૦૦/- (નોન રીફંડેબલ) ભરવાનાં રહેશે.** રેલ્વેનાં કે વિમાનનાં કન્ફર્મ રીઝર્વેશન મેળવવા માટે ૧૨૦ દિવસ પહેલાં સમયસર બુકીંગ કરાવવું હિતાવહ છે. પ્રવાસનાં ૨૦ દિવસ પહેલાં ફાઈનલ પેમેન્ટ જમાં કરાવવું ફરજીયાત છે, અન્યથા તે પ્રવાસી પ્રવાસમાં જોડાવવાનાં નથી તેમ સમજીને તેમનાં નામ, હોટલ તથા અન્ય વ્યવસ્થાઓ કેન્સલ કરવામાં આવશે અને ભરેલાં પેમેન્ટનું કોઈપણ રીફંડ મળશે નહીં.

**ACCOUNT NAME : AJAY MODI TRAVELS PRIVATE LIMITED • HDFC Bank A/c. No.: 00062560011176**
**IFSC CODE : HDFC0000006 • BRANCH : NAVRANGPURA**

**ટુર કેન્સલેશન :** આ પ્રવાસોનાં કેન્સલેશન માટે ટુર બુકીંગ કરાવનાર વ્યક્તિ તરફથી લેખિતમાં ટુર કેન્સલેશન માટેની અરજી મળ્યા બાદ જ પ્રવાસ કેન્સલ કરવામાં આવશે. પ્રવાસ ઉપડવાની તારીખથી ૬૦ દિવસ પહેલાં ૧ ટીકીટ દીઠ રૂા. ૧૦૦૦/- કપાશે, ૩૦ દિવસ પહેલાં ૧ ટીકીટ દીઠ રૂા. ૨૦૦૦/- કપાશેઅને ૩૦  દિવસની અંદર બુકીંગ રદ કરાવનારને કોઈપણ પ્રકારનું રીફંડ મળશે નહીં. **પ્રવાસીનાં કોઈપણ સંજોગોનાં કારણે કે રાજકીય અને કુદરતી સંજોગોના કારણે જો પ્રવાસ કેન્સલ કરવો પડે તેમ હોય તો ટુર બુકીંગની રકમનું કોઈપણ રીફંડ મળશે નહીં, તે સિવાયની વધારાની રકમ માટે ફક્ત ૧ વર્ષ સુધીની વેલીડીટી ધરાવતી ક્રેડિટ નોટ આપવામાં આવશે,** જેથી તે પ્રવાસી ફરીથી અમારી સાથે અમારા પ્રવાસમાં જોડાઈ શકે. **(૧ વર્ષ પછી ક્રેડીટ નોટ આપોઆપ રદ થશે અને તેનું કોઈપણ જાતનું રીફંડ મળશે નહીં).** કોઈપણ સંજોગો દરમ્યાન ટ્રેન કે ફ્લાઈટ કેન્સલ થાય કે રીશીડ્યુલ્ડ થાય કે ઉઠામણું થાય કે ભાડા વધે તો તેનાં કેન્સલેશનની તેમજ તેનું ફરીથી રીઝર્વેશન કરાવવાની સંપૂર્ણ જવાબદારી પ્રવાસીની રહેશે. **વિમાનની ગ્રુપ ટિકીટ નોનરીફંડેબલ હોવાથી તેનું કેન્સલેશન થતું નથી એટલે તેનું રીફંડ પણ મળશે નહીં.**

**ખાસ નોંધ :** જ્યારે પ્રવાસી ટુર બુકીંગ કરાવે છે ત્યારે તેમનાં પરિવારને સારી અને સમયસર સગવડો મળી રહે તે માટે અમે પણ અગાઉથી હોટલ બુકીંગ, વાહન બુકીંગ સારા રસોડા સ્ટાફ અને સારા ટુર મેનેજરને એડવાન્સમાં રકમ આપીને બુક કરાવતાં હોઈએ છીએ, પરંતુ કોઈપણ કુદરતી અથવા માનવ સર્જીત અને અચાનક ઉભા થયેલાં અસામાન્ય અને મુશ્કેલ સંજોગો જેવા કે પુર, ધરતીકંપ, વાદળ ફાટવું, ભુસ્ખલન,રાજકીય અસ્થિરતા, બંધ, હડતાળ, તોફાનો,આતંકવાદી હુમલો, ટ્રેન કે ફ્લાઈટ રીશીડ્યુલ થવી કે કેન્સલ થવી કે માંદગી, સ્વજનનું અવસાન અથવા હાલમાં ઉદ્‌ભવેલ **કોરોના જેવી મહામારીના કારણે કે જેને આપણે સામાન્ય શબ્દોમાં "ACT OF GOD"** જેવાં અન્ય કોઈપણ કારણસર જો ટૂર રદ થશે અથવા રદ કરવી પડે તેવી પરિસ્થિતિમાં અમને પણ આગળ એડવાન્સમાં ચુકવેલ નાણાં તેમજ જાહેરાત અને ઓફિસ ખર્ચનાં નાણાં પરત મળતાં નથી, તેથી જો ટુર રદ થાય કે કરવી પડે તો આપે ભરેલી રકમની એક વર્ષની વેલીડીટી ધરાવતી ક્રેડીટ નોટ આપવામાં આવશે અને કોઈપણ સંજોગોમાં કેશ કે ચેક રીફંડ મળશે નહીં. આ ક્રેડીટ નોટ દ્વારા પ્રવાસી અમારા અન્ય કોઈપણ પ્રવાસમાં જોડાઈ શકે છે.